ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઈટીંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પરિક્ષણ માટે પેઈડ કેસોની ફીનું ધોરણ પુન: નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

ગુહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : ફસલ/૧૦૨૦૦૦/૩૭૨/અ(પા.ફા.)

તારીખ : As per e-sign

<u>વંચાણે લીધા:-</u>

(૧) ગૃહ વિભાગનો તારીખ ૧૮/૧૧/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ફસલ ૧૦-૨૦૦૦/૩૭૨/અ

(૨) ગૃહ વિભાગનો તારીખ ૦૩/૧૧/૨૦૨૨નો સમાનાંકી ઠરાવ

(૩) ગૃહ વિભાગનો તારીખ ૨૫/૧૦/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ

(૪) ગૃહ વિભાગનો તારીખ ૨૭/૦૯/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

(૫) ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીનો તારીખ ૨૩/૦૯/૨૦૨૫નો પત્ર ક્રમાંક: DFS/DCB/e-file/306/2023/0571/CB

<u>ઠરાવ:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી (૪)માં દર્શાવેલ ઠરાવથી ન્યાય સહાયક ખાતાના હેન્ડરાઈટીંગ અને ફોટોગ્રાફી વિભાગમાં આવતા ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી માટે ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંક: (૨)માં દર્શાવેલ તારીખ ૦૩/૧૧/૨૦૨૨ના ઠરાવના પારા-૬માં ઠરાવ્યા મુજબ દર વર્ષે આ દરોમાં ૧૦% વધારો કરવાનું પણ સૂચવવામાં આવેલ છે. આથી આ જોગવાઈ અન્વયે તારીખ ૦૩/૧૧/૨૦૨૫થી સુધારેલ નવા દરોનો અમલ કરવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

૩. ન્યાય સહાયક વિજ્ઞાન કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક: (૫) સામે દર્શાવેલ પત્રથી ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઈટીંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પેઈડ કેસોના પૃથ્થકરણ માટેની ફીનું ધોરણ પુન: નક્કી કરવા અંગેની દરખાસ્ત અન્વયે ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઈટીંગ અને ફોટોગ્રાફી વિભાગમાં પૃથ્થકરણ માટે મોકલાતા નમૂનાઓના પરિક્ષણના હાલના ફીના ધોરણમાં પુખ્ત વિચારણાને અંતે તારીખ ૦૩/૧૧/૨૦૨૫થી અમલ કરવાના થતા ૧૦% વધારા સાથેના દરો નીચે મુજબના કોષ્ટક પ્રમાણે આથી નક્કી કરવામાં આવે છે.

<u>**ઓપિનિયન ફી, કોર્ટ એટેન્ડન્સ ફી, ટ્રાવેલિંગ ફીના દર**</u>

| ક્રમ | વિગત | ફીનો દર |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ઓપિનિયન ફી | રૂ.૧૩,૩૧૦/- (૧ થી ૫ તકરારી એક્ઝિબિટ્સ) + રૂ.૧,૩૩૧/- પ્રત્યેક વધારાના તકરારી એક્ઝિબિટ્સ દીઠ |
| ૨ | નિષ્ણાતોએ પ્રત્યેક કેસ દીઠ અભિપ્રાય માટે કોર્ટમાં આપેલ હાજરી (કોર્ટ એટેડન્સ) માટેની એવિડન્સ ફી તેમજ ટ્રાવેલિંગ ફી | અ) કોર્ટ એટેડન્સ/એવિડન્સ ફી પ્રતિ કેસ પ્રતિ દિવસ રૂ.૫૩૨૪/-<br>બ) સાક્ષી માટે મુસાફરીના પ્રત્યેક દિવસની ટ્રાવેલિંગ ફી રૂ.૫૩૨૪/-<br>ક) મુસાફરીના ચાર કલાક સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ. ૫૩૨૪/-<br>ડ) મુસાફરીના ચાર કલાકથી ઓછો સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ.૨૬૬૨/-<br>ઈ) જે દિવસ માટે કોર્ટ એટેડન્સ ફી લેવામાં આવશે તે દિવસ માટે ટ્રાવેલિંગ ફી લેવામાં આવશે નહી. |
| 3 | મુસાફરી ભથ્થુ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |

## ડોક્યુમેન્ટ ફોટોગ્રાફીના ફીના દર

| ક્રમ | | ડિજિટલ ફોટોગ્રાફી/ડોક્યુમેન્ટના ફોટોગ્રાફની સાઇઝ | ફીના દર | |
|---|---|---|---|---|
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| અ | ૧ | કલર પ્રિન્ટ (A-4 Size) | રૂ.૨૦૦/- | રૂ.૧૦૦/- |
| | ૨ | બ્લેક એન્ડ વ્હાઈટ (A-4 Size) | રૂ.૧૩૩/- | રૂ.૬૭/- |
| | | સ્પેશિયલ ફોટોગ્રાફી | ફીના દર | |
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| બ | ૧ | ટ્રાન્સમિટેડ, ઈન્ફરારેડ, ઓબ્લિગ લાઈટ, અલ્ટ્રાવાયોલેટ લાઈટ, ફોટોગ્રાફી ઈન મેઝરિંગ પ્લેટ | રૂ.૩૯૯/- | રૂ.૨૬૬/- |
| | ૨ | અદ્યતન વૈજ્ઞાનિક સાધનોની મદદથી મેળવેલ ડિજિટલ ફોટોગ્રાફી પ્રિન્ટ | રૂ.૩૯૯/- | રૂ.૨૬૬/- |
| ક | | ડોક્યુમેન્ટની ડિજિટલ ફોટોગ્રાફીની ડેટા સીડી/ડીવીડી | રૂ.૩૯૯/- | રૂ.૨૬૬/- |

૪. ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના દરો ગુજરાત સરકાર, ગૃહ વિભાગ સિવાયના ગુજરાત સરકારના તેમજ અન્ય સરકારી/અર્ધ સરકારી વિભાગો બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા નમૂનાઓની ચકાસણી માટે લાગુ પડશે અને નમૂનાઓના પૃથ્થકરણ ચકાસણીની ફી પેટે આવેલ રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

૫. આ સુધારેલ દરોનો અમલ તારીખ ૦૩/૧૧/૨૦૨૫થી કરવાનો રહેશે.

૬. ગૃહ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) સામેના તારીખ ૧૮/૧૧/૨૦૦૬ તેમજ વંચાણમાં લીધેલ ક્રમાંક: (૨) સામેના તારીખ ૦૩/૧૧/૨૦૨૨ના સમાનાંકી ઠરાવની અન્ય પૂર્વ નિયત શરતો યથાવત રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ની તારીખ ૦૮/૧૧/૨૦૨૫ ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અનિતા ઝુલા)

નાયબ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા અમદાવાદ.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા જૂનાગઢ/ રાજકોટ/ વડોદરા/ સુરત.
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ જૂનાગઢ/ રાજકોટ/ વડોદરા/ સુરત.
- સેક્શન અધિકારીશ્રી, ચ શાખા, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર (આ અંગેની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- ભાષા નિયામકશ્રીની કચેરી, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર (આ ઠરાવની અંગ્રેજીમાં અનુવાદ કરી તેની નકલ આ વિભાગને પૂરી પાડવાની વિનંતી સહ)
- આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ.

Signature valid

Signed by:ANITA P ZULA
Deputy Secretary
Date:2025.11.11
12:38:00 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign